**<u>સુરતના મહેરબાનશ્રી જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બીજી કોર્ટ) સાહેબની કોર્ટમાં.</u>**

**ફોજદારી કેસ નંબરઃ–**

**આંક –**

**ફરીયાદી:– શ્રી સરકાર**

**વિ.**

**આરોપી:–**

**<u>ગુનો:–આઈ.પી.સી.કલમ–</u>**

**<u>-:ORDER:-</u>**

ફરીયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે,આ કામના આરોપીી એ ચાર્જશીટ માં જણાવેલ વિગતે ગુનો કરેલ છે.

આજરોજ આરોપી હાજર છે. ઈન્સાફી કાર્યવાહી શરૂ કરતા પહેલા આરોપી ની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં અને આરોપીને પુછતા આરોપીગુન્હાની કબુલાત કરવા માંગે છે. જેથી આરોપી ને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી, આરોપી ને તેમની સામેના ગુનાની ગંભીરતા અને સજાથી વાકેફ કરેલ છે. તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે. અને ગુના કબુલાત પુરશીશ આપેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વેચ્છિક હોવાની ખાતરી થતા તે મંજુર કરવામાં આવે છે સાથે આરોપી પોતાનો ગુન્હો કોઈપણ તબકકે કબુલ કરી શકે છે.તેવી કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેતાં અને આરોપી તેમની સામેના ચાર્જશીટ ( સી.આર.પી.સી.ની કલમ–૧૭૩ મુજબનો રીપોર્ટ ) માં જણાવ્યા મુજબ શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

વધુમાં આરોપી તર્ફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, આ તેનો પ્રથમ વખતનો ગુન્હો છે , તેઓ આર્થિક રીતે નબળી પરિસ્થિતી ધરાવતા માણસ છે તેમના કુટુંબના ભરણ પોષણ અંગેની જવાબદારી તેમના શીરે છે અને આ ગુના બદલ તેઓને પસ્તાવો થયેલ છે અને આવો ગુન્હો ફરથી નહીં બને તેવી ખાતરી આપી ના.કોર્ટ પાસે રહેમ અને દયાની અરજ

કરેલ છે. આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત તથા ગુનાની ગંભીરતાને ધ્યાનમા લઈ આરોપીને હળવી સજા કરવામાં આવે તો તે ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેમ હું માનુ છું તેથી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

**આરોપી** ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે **આઈ.પી.સી.કલમ–**__________

__________________________________________________

મુજબના ગુના બદલ તકસીરવાન ઠરાવી **કોર્ટ ઉઠતા સુધી ની સાદી સજા તથા રૂપિયા ____________ (શબ્દોમાં ______________ પુરા)નો દંડ** કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૨ મી, માહે જુન , સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : 22 /06/2024
Place: SURAT

(Jayshriben Shantilal Jadav)
(Code No. GJ 1424)
Judicial Magistrate frist class,
second court, surat.